# પ્રાંતિજ સાબરમતી નદીમાં નવા નીર : લોકોમાં ખુશી

## મોડામોડ પણ સાવ કોરી રહેલ સાબરમતી નદીમાં નવા નીર આવતા ધરતી પુત્રો સહિત લોકોમાં ખુશી : નદીમા નવા નીર આવતા આજુબાજુમાં આવેલ બોર-કુવા રીચાર્જ થશે





પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલીયા અનોડીયા પાસે આવેલ સાબરમતી નદીમા નવા નીર આવતા ધરતી પુત્રો સહિત પંથકના લોકોમાં ખુશી જોવા મળી. એક દિવસ પહેલા સાબરમતી નદી સાવ કોરી જોવા મળી રહેલ નદી મા ઉપરવાસ મા પડેલ વરસાદ ને લઈ ને સાબરકાંઠા-મહેસાણા-ગાંધીનગર ત્રણેય જિલ્લાઓ પાસેથી પ્રસાર થતી સાબરમતી નદી મા આ વર્ષે વરસાદ ખેંચાતા આખુંય ચોમાસા ની સિજન વિતવા આવી છતાંય સાબરમતી નદી મા નવા નીર ના આવતા કોળી જોવા મળી હતી પણ છેલ્લે છેલ્લે ઉપરવાસમા મેઘરાજાની અસીમ કૃપા થતા સાબરમતી નદીમા નવા નીર આવતા આજુબાજુના ધરતી પુત્રો સહિત લોકો મા ખુશી જોવા મળી હતી અને લોકો નદીમા આવેલ નવાનીર જોવા સાબરમતી નદી ખાતે દોડી આવ્યા હતા તો નદીમા નવા નીર આવતા પાસે આવેલ બોર કુવાઓ પણ રીચાર્જ થશે ત્યારે હાલતો મેઘરાજાએ મોડામોડ પણ અસીમ કૃપા કરતા લોકોમાં આનંદ છવાયો છે.

# ગાંભોઈ- રણાસણ માર્ગ પરનું ગરનાળુ બેસી જઈ ગાબડું પડતાં માર્ગ જોખમી બન્યો



ગાંભોઈ, તા.૧૩

હિંમતનગર તાલુકાના ગાંભોઈ- રણાસણ જતા માર્ગ પર દિવાણી પેટ્રોલ પંપ પાસે આવેલ ગરનાળુ વરસાદી પાણીમાં ધોવાઈ જમીનમાં બેસી જવાથી વાહન વ્યવહાર માટે માર્ગ જોખમી બન્યો છે. એક માસ અગાઉ જ નવીન બાંધકામ કરી બનાવેલ ગરનાળામાં જરૂરી પથ્થર અને મેટલની પુરણી કરી ડામર કામ ન કરવાના કારણે માત્ર મેટલ નાખી ગરનાળાનું કામ પૂરું કરી દેવાતા તાજેતરમાં પડેલા વરસાદના કારણે મેટલ અને માટીનું પુરણ જમીનમાં બેસી જતા માર્ગ પર મોટા ખાડા પડી જવાથી રોજિંદા અવરજવર કરતા વાહનો માટે આ માર્ગ જોખમી બન્યો છે. આ અંગે રાજેન્દ્રસિંહ રાઠોડના જણાવ્યા મુજબ એક માસ પહેલા ગાંભોઈ રોડ માર્ગ પહોળો કરી પુનઃ ડામરકામ કરવામાં આવેલ છે. જે વરસાદી પાણીના કારણે માર્ગની બંને સાઈડોમાં જરૂરી પૂરણી ન કરવાના કારણે માર્ગ બેસી જતા વાહન ચાલકોને ભારે હાલાકી અનુભવી રહ્યા છે. ચાલુ વરસાદમાં માર્ગ પર ડામર કામ કરવાના કારણે હાલ આ માર્ગ પર ઠેરઠેર મેટલ ઉખડી જતાં આ માર્ગના જવાબદાર કોન્ટ્રાક્ટર અને જિલ્લા વહીવટી તંત્ર સામે ભારે રોષ ઉભો થવા પામ્યો છે.

# પ્રાંતિજના રણછોડપુરા ગામે ગણેશ મહોત્સવની થઈ રહેલી ધામધૂમથી ઉજવણી

## ગણેશ ભકતો દ્વારા સવાર સાંજ દાદાની આરતી પૂંજા અર્ચના કરવામા આવે છે : રાત્રીના સમયે પડાલોમાં ગરબાની રમઝટ પણ જામે છે




પ્રાંતિજ તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ગામે દુધાળા દેવ ભગવાન ગણેશની મૂર્તિ ગણેશ મંડળ દ્વારા સ્થાપના કરવામાં આવી છે અને સવાર-સાંજ ભગવાન ગણેશ ની આરતી ઉતારી પૂંજા અર્ચના કરી ભક્તો દ્વારા ભગવાન વિઘ્ન હર્તા ને રીઝવતા નજરે જોવાં મળે છે. પ્રાંતિજ સહિત તાલુકા મા ભગવાન ગણેશ ની સ્થાપના કરવામાં આવી છે અને ગણેશ ભકતો દ્વારા દાદા ને રીઝવવા મા આવે છે ત્યારે પ્રાંતિજના રણછોપુરા ગામમા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાપ્પા ની મૂર્તિ નું સ્થાપન કરી સવાર -સાંજ આરતી પૂજા કરવામાં આવેછે અને વિઘ્નહર્તા ને ભાવતાં ભોજન પ્રસાદ સહિત ની વિવિધ રીતે બાપ્પા ને દશ દિવસ માટે રણછોડપુરા ગણેશ યુવક મંડળ દ્વારા સેવા કરવામાં આવે છે તો આરતી બાદ ગણેશ ચોક માં બાળકો સહિત મહિલાઓ ગરબે ગુમતા નજરે પડે છે .

# પેઢમાલા ગામે વરસાદથી ત્રણ કાચા મકાનો ધરાશાયી : જાનહાનિ ટળી




રાયગઢ, તા.૧૩

હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે રવિવારના રોજ થયેલા ભારે વરસાદના કારણે ત્રણ ખેત શ્રમિક પરિવારોના કાચા મકાનો ધરાશાયી થયા હતા. જોકે આ બનાવમાં સદનશીબે કોઈ જાનહાની થઈ ન હતી. પેઢમાલા ગામે ખાંટવાસમાં રહેતા અને ખેતીકામ કરી પેટિયું રળતા ગલબાજી કાળાજી ચૌહાણ, મંદાબેન બહેચરસિંહ ચૌહાણ તેમજ પુજારાવાસમાં રહેતા સંદિપકુમાર વસંતસિંહ ઝાલા સહિત ત્રણ પરિવારજનોના મકાનની દિવાલો અને છાપરા ભારે વરસાદમાં ધસી પડતાં આ પરિવારજનોની હાલત દયનીય બની છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દુધાળા દેવ ભગવાન ગણેશ ની મૂર્તિ વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી છે અને સવાર- સાંજ ભગવાન ગણેશ ની આરતી ઉતારી પૂંજા અર્ચના કરી ભક્તો દ્વારા ભગવાન વિઘ્ન હર્તા ને રીઝવતા નજરે જોવાં મળે છે. પ્રાંતિજ સહિત તાલુકા મા ભગવાન ગણેશ ની સ્થાપના કરવામાં આવી છે અને ગણેશ ભકતો દ્વારા દાદા ને રીઝવવા મા આવે છે ત્યારે પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ કુંભારવાસ ખાતે પણ દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાપ્પા ની મૂર્તિ નું સ્થાપન કરી સવાર -સાંજ આરતી પૂજા કરવામાં આવેછે અને વિઘ્નહર્તા ને ભાવતાં ભોજન પ્રસાદ સહિત ની વિવિધ રીતે બાપ્પા ને દશ દિવસ માટે કુંભારવાસ ગણેશ યુવક મંડળ દ્વારા સેવા કરવામાં આવે છે તો આરતી બાદ ગણેશ ચોક માં બાળકો સહિત મહિલાઓ ગરબે ગુમતા નજરે પડે છે .

# લીઓ કલબ બાયડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

## છોડના ઉછેર માટે સંકલ્પ લીધો





બાયડ(બ્યુરો ઓફિસ) તા. ૧૩

લીઓ કલબ બાયડ દ્વારા સોમવારે અરજણ વાવ પ્રા. શાળા, સાંઈ મંદિર - બાયડ તથા રામના થળાવ ઉપર વૃક્ષારોપણ કાર્યક્રમ લાયન્સ ડીસ્ટ્રીક્ટ - ૩૨૩૨બીના જોઈન્ટ ટ્રેઝરર અતુલબાઈ વી જોશી, લીઓ કલબ પ્રમુખ ઋગ્વેદ પી પટેલ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

કોરોના દરમિયાન ઓક્સિજનની અછત જોવા મળી ત્યારથી પ્રજામાં વૃક્ષોનું મહત્ત્વ શું ?? તેની જાગ્રતતા જોવા મળી છે. લીઓ કલબ - બાયડ દ્વારા ચોમાસા દરમિયાન ૫૦૦ વૃક્ષોના ઉછેર સંકલ્પ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. તા. ૧૩મી ના રોજ અરજણવાવ પ્રા. શાળામાં શાળાના મુખ્ય શિક્ષક શિતલબેન પટેલ, શેતલબેન પટેલ તથા લીઓ મલ્ટીપલ ચેરમેન ચિરાગ પરમારની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું ત્યારબાદ સાંઈ મંદિર અને રામના તળાવ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં લીઓ મલ્ટીપલ ચેરમેન ઉપરાંત પૂર્વ પ્રમુખ કથન ચૌધરી, ટ્રેઝરર, અલ્પેશ રાઠોડ વગેરેની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. છોડના ઉછેર માટે લીઓ સભ્યોએ સંકલ્પ લીધો હતો.

# અરવલ્લી જિલ્લામાં કોરોનાકાળમાં ભિક્ષાવૃત્તિની વકરતી સમસ્યા

બાયડ, તા. ૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાકાળમાં ભિક્ષાવૃત્તિની સમસ્યા વકરતી જાય છે. બસ મથકો અને દેવમંદિરોમાં ભિક્ષાવૃત્તિ કરનારાઓની સંખ્યામાં ચોંકાવનારો વધારો થયો છે. કેટલાક ઠેકાણે તો અન્ય રાજયોના ભિક્ષુકો જોવા મળી રહ્યા છે. જે ભવિષ્યમાં પડકાર અને ચિંતાનો વિષય બની શકે છે.

**બસથમકો, દેવમંદિરો આસપાસ ભિક્ષુકોનો ત્રાસ**

કોરોનાના કપરા કાળમાં ધંધા-રોજગારોને મોટો ફટકો પડ્યો છે. અનલોક પછી પણ તેની ખોટ ભરપાઈ થઈ શકી નથી ત્યાં બંને જિલ્લામાં આશ્ચર્યજનક રીતે ભિક્ષુકોની સંખ્યામાં વધારો થયો છે. ગરીબી હટાવોના નારા વચ્ચે ગરીબી કાયમી ઘર કરી જતાં અસંખ્ય પરિવારો ભિખ માગવા મજબૂર હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં શહેરી વિસ્તાર તેમજ દેવસ્થાનોમાં ભીખ માગવાની પ્રવૃત્તિમાં વધારો થયો છે. બસ મથકોમાં તો નાના બાળકો પાસે ભિક્ષાવૃત્તિ કરાવાય છે. જયારે સોસાયટી અને ફળીયાઓમાં પણ સ્ત્રી અને પુરુષો કોઈને કોઈ કારણો આપી ભિક્ષાવૃત્તિ કરી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી ભિક્ષાવૃત્તિ ઉપર નિર્ભર રહેતા પરિવારોની સંખ્યામાં વધારો થયો છે. જિલ્લામાં ધાર્મિક તેમજ જાહેર સ્થળોએ ભીખ માંગનારાઓની વધતી સંખ્યામાં બાળકો તેમજ મહિલાઓની સંખ્યા વધતા સામાજિક વ્યવસ્થા ડામાડોળ બનવાની આશંકા છે.

# ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખા દ્વારા કોરોના વોરિયર્સનો સન્માન સમારોહ યોજાયો

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખા દ્વારા કોરોના વોરિયર્સનું વિશેષ સન્માન કરાયું હતું. હોસ્પિટલના ડોકટર, સ્ટાફ નર્સ, વહીવટી કર્મચારીઓ,તાલુકા પંચાયત સદસ્યો, ગ્રામ પંચાયત સદસ્યો સહિત સેવાભાવી કોરોના વોરિયર્સનું આનંદ ઉત્સાહભેર સન્માન કરાયું હતું. આ પ્રસંગે અમદાવાદ મધ્ય પ્રાંતના ઉપ પ્રમુખ પ્રકાશ કસવાલા, સમારંભના મુખ્ય મહેમાન ફલજીભાઈ પટેલ,સી.એ રમેશભાઈ ચૌહાણ, વિભાગીય સહમંત્રી જગદીશભાઈ પટેલ, અશોકભાઈ કુલકર્ણી, આચાર્ય રમણભાઈ પટેલ, પૂર્વ સરપંચ મનોજભાઈ પટેલ,ભાવિનભાઈ તબિયાર, ભારત વિકાસ પરિષદ શાખા,ભિલોડાના સેવાભાવી પ્રમુખ રામઅવતારજી શર્મા, મંત્રી મહિપતસિંહ રાઠોડ, ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ઉપ પ્રમુખ વલ્કેશભાઈ પટેલ, ફાઉન્ડર મુકેશભાઈ પંચાલ સહિત ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખાના સેવાભાવી હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



## મોડાસા બ્લાસ્ટની જેમ મામલો અભરાઈને મુકાશે : તપાસ એજન્સીઓ કંઈ પણ કહેવા તૈયાર નથી!!

# ગોઢકુલ્લા બ્લાસ્ટ : નકસલી પ્રવૃત્તિ તરફ તપાસ ફંટાશે ? ચર્ચાતો સવાલ

બાયડ,તા.૧૩


અરવલ્લી જિલ્લાના ગોઢકુલ્લાના ચકચારી બ્લાસ્ટ પ્રકરણમાં હેન્ડ ગ્રેનેટ વિદેશી બનાવટનો હોવાનું ખુલ્યા પછી તપાસ નકસલી પ્રવૃત્તિ તરફ ફંટાશે તેવી શંકા વ્યક્ત થઈ છે. જયાર તપાસનીસ એજન્સીઓ આ મુદ્દે કંઈ પણ કહેવાય તૈયાર નથી જેથી રહસ્ય ઘેરાયું છે. પાવાગઢથી પોશીના સુધીના આદિવાસી વિસ્તારોમાં ભૂતકાળમાં નકસલી પ્રવૃત્તિઓની આશંકાઓ વ્યક્ત થઈ હતી જેના કારણે ગ્રેનેડ અંતરિયાળ ગામ સુધી પહોંચાડવામાં વિદશી તાકતા અને દેશવિરોધી તત્ત્વોની સંડોવણી હાલ નકારી શકાય તેમ નથી.

જાણવા મળ્યા મુજબ સેન્ટ્રલ આઈ.બી, એટીએસ તેમજ જિલ્લા પોલીસની વિવિધ તપાસ ટીમો દ્વાર ગોઢકુલ્લા બ્લાસ્ટનામાં યુવક અને તેની દોઢ વર્ષની પુત્રીના મોત પછી મૃતકના યુવાન ભાઈએ પણ આત્મહત્યા કરતાં બ્લાસ્ટનું રહસ્ય તો ઘેરાયું છે તેની સાથે ગ્રેનેડ અહીં ક્યાંથી આવ્યો ?? તે સવાલ સાથે તેની બનાવટ ચાઈના કે પાકિસ્તાનની હોવાનું ખુલ્યા પછી કોઈ ને કોઈ વિદેશી તાકાતના તાર નીકળી શકે છે. આ સાથે ગ્રેનેડ અંતરિયાળ ગામડા સુધી પહોંચાડવામાં કોઈ નકસલી પ્રવૃત્તિઓ અંદરખાને આકાર લેતી હોય તેવી આશંકા તરફ તપાસ થઈ શકે છે. ચકચારી ગ્રેનેડ બ્લાસ્ટ મુદ્દે તપાસ એજન્સીઓના મૌનથી મોડાસા બ્લાસ્ટ જેમ મામલો અભારાઈને તો મૂકી નહીં દેવાય? ને તેવા સવાલ શરૂ થયા છે.

## જન્મદિને વધામણી



હેમલ રમેશભાઈ પટેલ
ચોરીવાડ તા.ઇડર




ધ્રુવી કમલેશભાઈ પટેલ
બાયડ જી.અરવલ્લી



સમીરભાઈ એમ.પટેલ
ડેપ્યુટી સરપંચ, ડેમાઇ
ગ્રામ પંચાયત
ડેમાઇ તા. બાયડ



કમલેશભાઈ એમ.પટેલ
રડોદરા તા. બાયડ



ઈશ્વરભાઈ ડી.પટેલ
ચેરમેન,ચોઇલા
એજ્યુકેશન સોસાયટી
ચોઈલા તા. બાયડ



હવીશા કૃણાલ શર્મા
હરિપાર્ક સોસાયટી, બાયડ